# ગાંધીનગરની શાળાઓમાં ગાંધી નિર્વાણ દિને ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ

## બાળકોએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને જીવનમાં સ્વચ્છતા અપનાવવાના શપથ પણ લીધા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં તા. ૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્‌વાનથી મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરેક શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો અને અનેક



માહિતીસભર ચિત્રો દોર્યા હતા તેમજ સ્વચ્છતાના ગુણો જીવનમાં અપનાવવાના શપથ લીધા હતા.

● આઈ.ટી.આઈ. ગાંધીનગર

ગાંધીનગરની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ગાંધી નિર્વાણ દિને યોજાયેલ સ્પર્ધામાં કુલ ૧૪૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધી અને સફાઈ વિષય પર અનેકવિધ ચિત્રો દોર્યા હતા. આ ચિત્રો જોઈને નિર્ણાયક ગણે પણ નિર્ણય લેવામાં ભારે અવઢવ અનુભવી હતી. આ સ્પર્ધામાં પેઈન્ટર ટ્રેડ-બેચના તાલીમાર્થી મહેન્દ્ર બુધાજી ઠાકોરે પ્રથમ સ્થાન, ડ્રેસ મેકીંગની તાલીમાર્થી કુ. હીરલ એલ. કડીયાએ દ્વિતિય અને ઓટો ટુ-વ્હીલર રીપેરરના તાલીમાર્થી હિતેષ સોમાજી ઠાકોરે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. ધોળાકુવા ગામના રહેવાસી મહેન્દ્ર ઠાકોરે તેના ચિત્રમાં દેશના વિવિધ ક્ષેત્રોને આવરી લીધા હતા. આ કાર્યક્રમમાં બી.કે. નાયક, શ્રીમતી એમ.એન. પટેલ, શ્રીમતિ આર.એમ. પટેલ, ડી.એન. રાઠોડ, ડી.એ. પટેલ અને રાજુભાઈ શ્રીમાળીએ નિર્ણાયકની સેવાઓ આપી હતી. આ પ્રસંગે જીતુભાઈ સેજાણી, સેવંતિલાલ ઠક્કર, કિશોરભાઈ ત્રિવેદી, ભરતભાઈ ચૌધરી, અશ્વિનભાઈ ત્રિવેદી અને લાલસિંહ ગોહિલ વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

● સરસ્વતિ શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યાલય

સેક્ટર-૨૨માં આવેલ વિદ્યાભારતી અધ્યાપન કેન્દ્ર ખાતે આવેલ સરસ્વતિ શિશુવાટિકા અને પ્રાથમિક શાળામાં ગાંધી નિર્વાણ દિને યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાલયના તમામ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને ઓમ પ્રજ્ઞેશભાઈ પટેલ, દ્વિતિય નંબરે હર્ષિત મેહુલભાઈ નાયક અને તૃતીય સ્થાને યજ્ઞ ચંદ્રેશભાઈ પટેલ વિજેતા જાહેર કરાયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અર્ચિતભાઈ પાલવ અને તુષારભાઈ ચૌધરીએ સેવાઓ આપી હતી.

● ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ

સે. ૨૩ના સર્વ વિદ્યાલય કેમ્પસની ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં કુલ ૫૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. સ્વાતિ પટેલ, દ્વિતિય ક્રમે કુ. પ્રિયંકા વાઘેલા અને તૃતીય ક્રમે કુ. અંજુ ગોસ્વામી તેમજ કુ. રીના પટેલ વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં કલા કૌશલ્ય દ્વારા તથા સમુદાયિક સેવા ધારાના તમામ સભ્યોએ સહયોગ આપ્યો હતો. આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા. પાયલ પંડ્યા અને પ્રા. ભારતીબેન દલવાડીએ સ્પર્ધાનું સફળ આયોજન કર્યું હતું.


● એમ.બી. પટેલ વિદ્યાલય, વાવોલ



ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આવેલ એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં શાળાના ૧૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સાહિત્યકાર નટવર હેડાઉ અને સામાજિક કાર્યકર અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે યોગ શિક્ષક અતુલભાઈ ડોડિયા, શિક્ષિકા આર.જે. વ્યાસ તથા શ્રીમતિ વી.સી. શ્રીમાળીએ સેવાઓ આપી હતી તેમજ સર્વ શિક્ષા અભિયાનના ડૉ. ડી.આર. શર્માએ પ્રેરક હાજરી આપી હતી. વિદ્યાર્થીઓને આ પ્રસંગે ગાંધી ફિલ્મ બનાવાઈ હતી.

● સરકારી પ્રાથમિક શાળા, સે. ૮

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સે. ૮ની સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૧૯૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધો. ૧ થી




૫ માં પ્રથમ કે કુ. કાજલ જીવણભાઈ રત્નોકર, બીજા ક્રમે કુ. મમતા જનકભાઈ વાઘેલા અને ત્રીજા ક્રમે કુ. પૂજા ભોળાભાઈ રબારી વિજેતા બન્યા હતા. ધો. ૬ થી ૮ માં પ્રથમ ક્રમે કુ. આરતી પ્રવિણજી ઠાકોર, દ્વિતિય ક્રમે કુ. શોભના મેવાભાઈ ભરવાડ અને તૃતીય ક્રમે વિશાલ સુરેશભાઈ ભામ્કા વિજેતા બન્યા હતા.

● સ્વામિનારાયણ ગુરૂકુલ, સે. ૨૩

સેક્ટર-૨૩ ખાતે આવેલ સ્વામિનારાયણ ગુરૂકુળમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાનુ મહત્વ સમજાય અને જીવનમાં સફાઈના ગુણો અપનાવે તેવો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ મૌન પાળી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

● સરકારી પ્રાથમિક શાળા, બોરીજ

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ખાતે ગાંધી નિર્વાણ દિને યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર દરેક બાળકને શાળા તરફથી પેન્સિલ, રબર, ચોક કલર, સ્કેચપેન, ડ્રોઈંગ પેપર અને વોટર કલર આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં સુંદર ચિત્રો દોર્યા હતા. આ પ્રસંગે લાયન્સ ક્લબના જસવંતસિંહ રહેવર તથા બી.કે. રાજેશ ગૌડાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# વાહ !!! પ્રમાણિકતા આનું નામ..!!

## કુડાસણના એવન ફુડ પોઈન્ટના માલિક મનોજકુમારે એક દંપતિનું પડી ગયેલું રૂ. ૩૦,૦૦૦ની કિંમતનું મંગળસૂત્ર પરત કર્યું : અગાઉ ૬ વર્ષ પહેલા પણ તેમણે ૧૮,૦૦૦ રોકડા ભરેલુ પર્સ તેના માલિકને પરત કર્યું હતું

**(સમીર રામી દ્વારા)** ગાંધીનગર, તા. ૧

પ્રમાણિકતા એ એવી જણસ છે જે માણસના વ્યક્તિત્વને અન્યોથી અલગ પાડે છે, વ્યક્તિને મુઠ્ઠી ઉંચેરો બનાવે છે. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ એક નાનકડી રેસ્ટોરન્ટના માલિક છે. પ્રમાણિકતાનું એક અદ્‌ભૂત ઉદાહરણ પુરૂ પાડ્યું છે. તેમની રેસ્ટોરેન્ટમાં રાત્રે જમવા આવેલ એક દંપતિનું આશરે ત્રીસ હજારની કિંમતનું સોનાનુ મંગળસૂત્ર પડી ગયું હતું જેને તેમણે પરત કર્યુ હતુ. અને તેના બદલામાં કોઈ પણ પ્રકારનું વળતર લેવાની પણ ના પાડી દીધી હતી.



બનાવની વિગત એવી છે કે તા. ૨૫મી જાન્યુઆરી રાત્રે કુડાસણનીકૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા અને ટીસીએસ કંપનીમાં નોકરી કરતા મૂળ રાજસ્થાનના મહેશ નાગર અને તેમના પત્નિ પરિવાર સહિત રાત્રે બહાર જમવા માટે નીકળ્યા હતા. તેઓ કુડાસણના કૃષ્ણકુંજ કોમ્પલેક્ષમાં આવેલ એવન ફુડ પોઈન્ટ રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હતા અને જમ્યા બાદ રાત્રે ઘરે પરત ફર્યા હતા. સવારે ઉઠીને મહેશ નાગરના પત્નિએ જોયું કે તેમના ગળામાંનું આશરે એક તોલા સોનાનું મંગળસૂત્ર ગાયબ છે આથી તેમણે ઘરમાં તેની શોધખોળ ચલાવી હતી પરંતુ મંગળસૂત્ર મળ્યું ન હતું. આ વાતની તેમણે પોતાના પતિને જાણ કરતા તેઓએ પણ શોધવા ખાંખાં ખોળા કર્યા હતા. છેલ્લે તેમને યાદ આવ્યું કે રાત્રે આપણે બહાર ગયા ત્યારે પહેર્યું હતું કે કેમ ? સદ્‌ભાગ્યે રાત્રે રેસ્ટોન્ટમાં જમતી વખતે તેમણે મોબાઈલમાં કેટલાક ફોટા પાડ્યા હતા જે ચેક કર્યા તો ફોટામાં મંગળસૂત્ર હતુ. આથી તેમણે જ્યાં જ્યાં ફર્યા હતા તે તમામ માર્ગે મંગળસૂત્ર શોધવા પ્રયત્ન કર્યો હતો.

છેવટે તેમણે એવન રેસ્ટોરન્ટ પર જઈને તેના માલિક મનોજકુમાર મેન્શનને મળ્યા અને પુછપરછ કરી કારણ કે રાત્રે તેઓ જમવા આવ્યા ત્યારે મનોજકુમાર તેમની રેસ્ટોરન્ટ પર હાજર હતા. દંપતિના સુખદ આશ્ચર્ય વચ્ચે મનોજકુમારે થોડીક તપાસ-ખાતરી કર્યા બાદ તેમના ટેબલના ખાનામાં સાચવીને રાખેલું મંગળસૂત્ર તેમને પરત કર્યું હતું. આ મંગળસૂત્ર પરત મળતા જ મહેશ નાગર અને તેમના પત્નિને હાશકારો થયો હતો અને તેઓ રેસ્ટોરન્ટના માલિક મનોજકુમારની પ્રમાણિકતાથી અભિભૂત થઈ ગયા હતા. મંગળસૂત્ર રાત્રે તેમના ગળામાંથી તુટીને પડી ગયું હતું જે રેસ્ટોરન્ટના કર્મચારીને મળ્યું હતું જેને મનોજકુમારે સાચવીને રાખી દીધુ હતુ. જેથી તેના માલિકને પરત કરી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે મનોજકુમાર મૂળ રાજસ્થાનના છે અને આશરે ૧૬ વર્ષથી ગાંધીનગરમાં રેસ્ટોરન્ટનો બીઝનેસ કરે છે. ઘ-૫ ચોપાટી પર તેમની ૧૬ વર્ષથી એવન ફુડ પોઈન્ટ રેસ્ટોરન્ટ ચાલે છે અને કુડાસણમાં તેમણે ૩ વર્ષથી શાખા ચાલુ કરી છે. જ્યાં તેઓ પંજાબી, ચાઈનીઝ વાનગીઓ તેમજ ભાજીપાઉ બનાવે છે. અગાઉ આશરે ૬ વર્ષ પહેલા તેમણે આ રીતે એક દંપતિ જમવા આવ્યુ ત્યારે પતિનું પર્સ પડી ગયું હતું. જેમાં રૂપિયા અઢાર હજાર રોકડા હતા જે બીજા દિવસે હેમખેમ પરત કર્યુ હતુ. આ વખતે પણ તેમણે મંગળસૂત્ર પરત આપીને તેમની ઈમાનદારી બતાવી હતી. મંગળસૂત્ર પરત મળતા દંપતિએ તેમને વળતરની ઓફર કરી હતી પરંતુ મનોજકુમારે સ્મિત સાથે આ તો મારી ફરજ છે કહી ઠુકરાવી દીધી હતી.

# એસ.ટી. કર્મચારી સહકારી મંડળીમાં ઉચાપતમાં બેંકના ઓડીટરની ધરપકડ

## વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન નફા નુકશાનનું સરવૈયું યોગ્ય રીતે ચેક ન કરનાર ઓડીટરની ગુનામાં સંડોવણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.ટી. કર્મચારીઓની સહકારી મંડળીમાં કરોડો રૂપિયાના ગોટાળા કરીને ઉચાપત કર્યા સંદર્ભે નોંધાયેલી પોલીસ ફરિયાદ બાદ સમગ્ર તપાસ ગાંધીનગર એલસીબીને સોંપાઈ હતી. અગાઉ આ પ્રકરણમાં સુત્રધારોની ધરપકડ કરાયેલી છે તે ઉપરાંત વાર્ષિક ઈન્સ્પેકશન દરમિયાન નફા નુકશાનનું યોગ્ય સરવૈયું ચેક ન કરનાર અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંકનાં ઓડીટરની આજે ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં ગુનામાં સંડોવણી હોવાનું જાણવા મળતા એલસીબીએ તેને પકડી સાબરમતી જેલ મોકલી આપ્યો છે.

સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ગાંધીનગર એસ.ટી. કર્મચારીઓની સહકારી મંડળીમાં થયેલી કરોડોની ઉચાપત પ્રકરણમાં હોદ્દેદારો સામે ફરિયાદ નોંધાઈ હત. જેમાં કલાર્ક, પ્રમુખ સહિતના આરોપીઓની ધરપકડ થઈ હતી. આ ઉચાપત પ્રકરણની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપવામાં આવ્યા બાદ એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે આ ગુનામાં સંડોવાયેલા વધુ એક શખ્સની ધરપકડ કરી છે. સેકટર-૬ અપના બજારના ઉપર સ્થિત અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંક માં ઓડીટર તરીકે કામ કરતા સે-૨૨, જૈન દેરાસરની પાછળ આસોપાલવ એપાર્ટમેન્ટમાં રહેતા કૌશિક નંદલાલ સુરતીની ધરપકડ કરવામાં આવી છે. ઓડીટ કરનાર કૌશિક સુરતીની ગુનામાં સંડોવણી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલતા તેની ધરપકડ કરી સાબરમતી જેલ મોકલી આપવામાં આવ્યો છે.

# દક્ષિણ કાશી ઉત્સવમાં સુરમધુર કલાવૃંદ છવાયું

ગાંધીનગર, તા. ૧

પંઢરપુર-મહારાષ્ટ્ર ખાતે તાજેતરમાં યોજવામાં આવેલા દક્ષિણ કાશી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની પ્રખ્યાત કલાસંસ્થા 'સુરમધુર'ને નૃત્યોનું નૃત્ય દિગ્દર્શન શ્રી નંદ દવેએ કર્યું હતું. સંગીત દિગ્દર્શન અને કોરીયોગ્રાફી શ્રી મયંક




ઉત્સવ ભક્તિ મહોત્સવમાં સુરમધુર કલાવૃંદના કલાકારોએ વિવિધ કલાકૃતિઓ પ્રસ્તુત કરી ભારે લોકચાહના મેળવી હતી.

ભારત સરકારશ્રીના પશ્ચિમક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર સહિત અન્ય ૬ સાંસ્કૃતિક કેન્દ્રો, સમગ્ર ભારતભરમાં તેમજ વિદેશમાં જે તે ક્ષેત્રમાં નિવડેલા કલાકારોની પ્રસ્તુતિ કરતા હોય છે. જે અંતર્ગત તા. ૨૦, ૨૧, ૨૨ જાન્યુઆરી-૨૦૧૫ દરમ્યાન મહારાષ્ટ્રનાં પ્રખ્યાત પવિત્ર યાત્રાધામ પંઢરપુર ખાતે 'દક્ષિણ કાશી ઉત્સવ-ભક્તિ પ્રસ્તુતિ કરવા નિમંત્રણ મળ્યુ હતું. સુરમધુરનાં ૧૮ કલાકારો દ્વારા મિશ્રરાસ, હુડો, ગરબી, કલાયાત્રા વિગેરેની સફળ અને ધમાકેદાર પ્રસ્તુતિ કરી અદ્‌ભુત લોકચાહના પ્રાપ્ત કરી. જેમાં ખાસ નોંધનીય બાબત એ હતી કે ખૂબ જ હાઈ સીક્યુરીટીવાળા વિઠોબા-રૂક્ષમણીનાં મંદિરનાં અંદર જ આ કલાકારોને ભગવાન સમક્ષ પ્રસ્તુતિ કરવાનો પણ એક અમુલ્ય અવસર આપવામાં આવ્યો અને તમામ કલાકારોનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. શ્રી મયંક દવે દ્વારા નિર્માણ પામેલ આ દવેના હતા. જ્યારે મુખ્ય ગાયક તરીકે શ્રી સુરેશ રત્નોત્તર, શ્રી રમેશ નાડિયાના ઢોલના ધિબ્રાંગ ઉપર જબરજસ્ત ભક્તિમય માહોલ ઉભો કરી સૌના મન જીતી લીધા હતા. મેનેજર તરીકે શ્રી દિપેશ પટેલે સુંદર સેવાઓ આપી હતી. અન્ય કલાકારોમાં શ્રી નીરવ પંડ્યા, મેહુલ ગજ્જર, મહર્ષિ રાવલ, વેભવ વ્યાસ, પાર્થ રાય, ધ્યાન દવે, તિથિ રત્નોત્તર, નિકીતા પટેલ, ફોરમ પટેલ, શ્રૃતિ મહેતા, કૃતિકા દેત્રોજા અને સુધા રત્નોત્તરે સેવાઓ આપી હતી.

# ચિલોડામાં પાઈપલાઈનથી રાંધણગેસના જોડાણનો પ્રારંભ

## ગેસના બાટલાની પળોજળમાંથી છુટકારો મળતા ગૃહીણીઓમાં આનંદની લાગણી : સાબરમતી ગેસ કંપનીએ જોડાણો આપવાનું ચાલુ કર્યુ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ગ્રામજનોને ગેસના બાટલાની પળોજળમાંથી મુક્તિ મળી છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

સાબરમતી ગેસ લિ. કંપની દ્વારા પાઈપલાઈન દ્વારા રાંધણગેસના જોડાણો આપવાનો પ્રારંભ કરાયો છે જેના કારણે ગેસ વપરાશકર્તાઓ ખાસ કરીને ગૃહીણીઓમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે. અત્યાર સુધી ચિલોડાના ગ્રામજનોને રાંધણગેસના બાટલા માટે ગાંધીનગર પર આધાર રાખવો પડતો હતો અને બાટલો મેળવવા ભારે તકલીફ સહન કરવી પડી રહી હતી. નવી ટીપી સ્કીમમાં મુકાયેલા ચિલોડા ખાતે હવે અનેકવિધ સુવિધાઓ મળવા લાગી છે. સાબરમતી ગેસ લિ. કંપની દ્વારા હવે પીએનજી એટલે કે પાઈપ્ડ નેચરલ ગેસના જોડાણો પણ આપવાનું ચાલુ કરાતાં ગ્રામજનોમાં ખાસ કરીને ગૃહીણીઓમાં આનંદની લહેર ફેલાવા પામી હતી.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૦
સૂર્યાસ્ત : ૬.૨૯

### તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૯ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

**સિનેમેક્સ,**

: સ્ક્રીન-૧ :

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્ક્રીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્ક્રીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦, ૧૦.૦૫

### આપની આજ

**મેષ** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે. નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બને. વિશેષ કાર્યો માટે યાત્રા પ્રવાસ વગેરે થશે.

**વૃષભ** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યો થશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વિદેશનાં અટકેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકશે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વિશેષ દોડધામ અને ગહન સંશોધનનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**કર્ક** : જ્ઞાન વૃદ્ધિના કાર્ય થશે. રાજકીય ક્ષેત્રમાં ધન વૃદ્ધિનો વિશેષ યોગ. કાર્યક્ષેત્રે સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. આર્થિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાઓ અને મહત્વપૂર્ણ પ્રવૃત્તિ થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે.

**કન્યા** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી વિશેષ યોગ. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. જૂના સ્નેહી મિત્રો સાથે મુલાકાત થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**તુલા** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે. ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્નોથી સફળતા મળશે. વ્યાપારી વર્ગને લાભ થવાની શકયતાઓ છે. ભાગ્યોદયની તક મળી રહે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**ધન** : બુદ્ધિથી મુશ્કેલી દૂર થશે. આરોગ્યની કાળજી રાખવી. આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું બની શકે છે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે.

**મકર** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. જૂના મિત્રો- સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. અટકાયેલા કાર્યો પૂર્ણ થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિરોધી હેરાન કરવાની સંભાવના છે.